# જીલ્લા કૃષિ હવામાન એકમ (DAMU)

ગ્રામીણ કૃષિ મૌસમ સેવા (GKMS)
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી
અમરેલી-૩૬૫૬૦૧
ફોન નં. ૦૨૭૯૨ ૨૨૭૧૨૨

**(જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી અને ભારત મૌસમ વિભાગ દ્વારા સંપન્ન )**

#AmritMahotsav

**અહી ક્લિક કરી કૃષિ હવામાન બુલેટીન અંગે આપના પ્રતિભાવ અવશ્ય જણાવો**

અમરેલી જીલ્લાના તાલુકાઓ મુજબની હવામાન આધારિત કૃષિ સલાહ માટે **ટેલીગ્રામ** અથવા **વોટ્સએપ ગ્રુપમાં** જોડાવા અંતિમ પેજની મુલાકાત લો

**અમરેલી કૃષિ હવામાન બુલેટીન ક્ર. ૦૮૦/૨૦૨૨**

**તા. ૦૭-૧૦-૨૦૨૨**

**અમરેલી જીલ્લાની તા. 08/10/2022 થી 12/10/2022 ની હવામાન આગાહી:**

| # | હવામાન પરિબળો | 08/10/2022 | 09/10/2022 | 10/10/2022 | 11/10/2022 | 12/10/2022 |
|---|---|---|---|---|---|---|
| ૧ | વરસાદ (મી.મી.) | 15 | 10 | 10 | 10 | 15 |
| ૨ | મહત્તમ તાપમાન (°સે.) | 34 | 34 | 33 | 33 | 32 |
| ૩ | લઘુત્તમ તાપમાન (°સે.) | 24 | 25 | 24 | 24 | 24 |
| ૪ | મહત્તમ ભેજ સવાર (%) | 68 | 67 | 77 | 80 | 79 |
| ૫ | લઘુત્તમ ભેજ બપોર (%) | 34 | 35 | 51 | 54 | 55 |
| ૬ | પવનની ગતિ (કિ.મી./કલાક) | 14.4 | 10.9 | 7.4 | 7.8 | 9.1 |
| ૭ | પવનની દિશા (ડિગ્રી) | 285<br>પશ્ચિમ વાયવ્ય | 281<br>પશ્ચિમ | 135<br>અગ્નિ | 148<br>દક્ષિણ અગ્નિ | 202<br>દક્ષિણ નૈઋત્ય |
| ૮ | વાદળની સ્થિતિ (ઓકટા) ૮ માંથી | 6 | 8 | 7 | 6 | 7 |



**નોંધ**: આ આગાહી સમગ્ર જીલ્લાની સરેરાશ હોય છે એટલે તેને કોઇ પણ એક જગ્યા માટે લાગુ કરવી નહિ.

## કૃષિ સલાહ

| | |
|---|---|
| **હવામાન સારાંશ** | અમરેલી જીલ્લામાં આગામી ૫ દિવસ દરમિયાન હવામાન ગરમ, ભેજવાળુ અને આંશિક વાદળછાયું રહેવાની શક્યતા છે. આગામી ૫ દિવસ દરમિયાન જીલ્લામાં છુટા છવાયા હળવા થી મધ્યમ વરસાદની શકયતા છે. આગામી ૫ દિવસ દરમિયાન મહત્તમ તાપમાન **૩૨-૩૪** °સે અને લઘુત્તમ તાપમાન **૨૪-૨૫** °સે જેટલું રહેવાની શક્યતા છે.<br><br>**પવનની ગતિ સામાન્ય, અંદાજીત ૦૮-૧૪ કિમી/કલાક સુધી ની રહેવાની શક્યતા છે. દિશા મોટાભાગે પશ્ચિમ થી અગ્નિ રહેવાની શકયતા છે.**<br><br>**આગોતરું અનુમાન:** તા. **૧૩ થી ૧૭ ઓક્ટોબર** દરમિયાન સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં હવામાન આંશિક વાદળછાયું રહેવાની શક્યતા છે. અમુક વિસ્તારોમાં ઓછી શક્યતા સાથે હળવા વરસાદની શક્યતા છે. મહત્તમ તાપમાન અને લઘુતમ તાપમાન સામાન્ય રહેવાની શક્યતા છે. |
| **સામાન્ય કૃષિ સલાહ** | → **આગામી દિવસોમાં હળવા થી મધ્યમ વરસાદની શક્યતા હોવાને લીધે કાપણી કરેલ પાકને ઢાંકવાની અથવા સલામત સ્થળે લઇ જવાની વ્યવસ્થા કરવી.**<br>→ **કોઈ કારણસર ચોમાસું પાક નિષ્ફળ ગયો હોય તો ૧૫ થી ૨૦ દિવસમાં રાયડો અને પૂર્વ શિયાળુ બાજરી નું વાવેતર કરી શકાય છે.** |

| | | |
|---|---|---|
| | → | મગફળીમાં ગેરુના નિયંત્રણ માટે ક્લોરોથેલોનીલ (૭૫ વેપા) અથવા મેન્કોઝેબ (૭૫ વેપા) દવા ૪૦ ગ્રામ પ્રતિ પંપ વરાપે છાંટવી. |
| | → | કપાસના પાકમાં વધુ ઉત્પાદન મેળવવા માટે ૭૫ થી ૧૦૦ દિવસે કપાસના છોડની ટોચ કાપવાની ભલામણ છે. |
| | → | શિયાળુ પાકો માટે ખેત આયોજન કરવું. |
| | → | જમીન અને પર્યાવરણના સ્વાસ્થ્યનું વિચારી જૈવિક ખાતરો અને દવાઓનો ઉપયોગ કરવો. |
| | → | શિયાળુ પાકો માટે ખેત આયોજન કરવું. લસણ, ડુંગળી અને રાયડાનું વહેલી તકે વાવેતર કરી દેવું. |
| SMS | → | કાપણી કરેલ પાકને સીધું વેચાણ કરવાને બદલે મુલ્ય વર્ધન કરીને વેચાણ કરવાથી વધુ નફો મેળવી શકાય. |

## પાક મુજબ કૃષિ સલાહ

| પાક | પાક અવસ્થા | કામગીરી / જાત / રોગ/ જીવાત | કૃષિ સલાહ |
|---|---|---|---|
| રાઈ/ રાયડો | ખેત આયોજન અને જાત પસંદગી | વાવેતર | • ઓક્ટોબરના પ્રથમ પખવાડિયામાં ગરમીનું પ્રમાણ ઘટે ત્યારે વાવેતર કરી કરી શકાય.<br>• જાતોઃ વરુણા, ગુજરાત રાઈ-૧, ૨, ૩ |
| | | વાવણી અંતર અને બિયારણનો દર | • બે ચાસ વચ્ચે ૪૫ સેમી બે છોડ વચ્ચે સરેરાશ ૧૦ થી ૧૫ સેમી અંતર રાખી બીજ ૨ થી ૪ સેમીની ઊંડાઇએ પડે તે રીતે દંતાળ ની મદદથી વાવણી કરવી, જેના માટે પ્રતિ હેકટરે ૩.૫ થી ૫ કિગ્રા બિયારણની જરૂરિયાત રહે છે. |
| | | મિશ્ર પાક | • રાઈ (૩.૫ કિગ્રા) +રજકાનું બિયારણ (૫ કિગ્રા) મિશ્ર કરી ચાસમાં વાવી શકાય અથવા રાઈને પ્રથમ પિયત આપતી વખતે રજકાનું ૫ કિગ્રા બિયારણ પુંખી (છાંટી)ને વાવી શકાય. |
| શિયાળુ / રવિ પાકો | જમીન ચકાસણી | જમીન ચકાસણી | <br><br>આકૃતિ-૧ : ખેતરના વિસ્તાર મુજબ જમીનના નમૂના લેવાના સ્થળ નક્કી કરવા.<br><br><br>આકૃતિ-૨: જમીનનો નમૂનો લેવાની રીત<br>• જમીન ચકાસણી એ ખેત આયોજનનું ખુબ મહત્વનું પાસું છે, રવિ પાકો વાવ્યા પહેલા પોતાની જમીનની જમીન ચકાસણી કરાવી.<br>• જમીનનો નમુનો લેવા માટે જમીન પર કોદાળી કે ખુરપીથી V આકારનો ૨૫ સેમી ઊંડો ખાડો કરવો. ખાડાની એક બાજુએથી ૨ થી ૩ સેમી જાડાઈનો થર આકૃતિ ૨ મુજબ નમુના માટે લેવો, આ રીતે ૮ થી ૧૦ જગ્યાએથી પ્રતિ હેક્ટર માટી લઇ બરાબર મિશ્ર કરી એક કિલોગ્રામ માટી ચકાસણી માટે તૈયાર કરવી, અને નજીકની જમીન ચકાસણી પ્રયોગશાળામાં આપવા. |
| ચણા | ખેત આયોજન અને જાત પસંદગી | વાવેતર | • ચણાના વાવેતર માટે જાત અને બિયારણની પસંદગી કરવી.<br>• નવેમ્બરનાં પ્રથમ પખવાડીયા દરમ્યાન પિયત ચણાની જાતોનું વાવેતર કરવું. બિનપિયત ચણાની જાતોનું વાવેતર ઓકટોબરના છેલ્લા અઠવાડીયાથી કરી શકાય, જેના માટે બિયારણની વ્યવસ્થા કરવી. |
| ઘઉં | ખેત આયોજન અને જાત પસંદગી | વાવેતર | • ઘઉંના વાવેતર માટે જાત અને બિયારણની પસંદગી કરવી<br>• વહેલી વાવણી (૧૦ નવેમ્બર પહેલા): જી.જે.ડબલ્યુ ૪૬૩<br>• સમયસર વાવણી (૧૫ થી ૨૫ નવેમ્બરઃ લોક-૧, જી.ડબલ્યુ-૩૬૬, ૪૫૧, ૪૯૬<br>• મોડી વાવણીઃ (૨૬ નવેમ્બર થી ૧૦ ડીસેમ્બર): જી.ડબલ્યુ-૧૭૩, ૧૧, લોક-૧૧ |
| ધાણા | | વાવેતર | • ભલામણ કરેલ જાત : ગુજરાત ધાણા -૨<br>• નવેમ્બરના પ્રથમ પખવાડિયામાં જમીનીની ફળદ્રુપતાને અનુકુળ ૩૦ થી ૪૫ સેમી હારમાં ઓરીને વાવેતર કરવું |

| | | | |
|---|---|---|---|
| જીરું | | વાવેતર | • ભલામણ કરેલ જાતઃ ગુજરાત-૪<br>• વાવેતર સમયઃ નવેમ્બરનું પ્રથમ પખવાડિયું |
| લસણ | **ખેત આયોજન અને જાત પસંદગી** | વાવેતર | • ઓક્ટોબરના પહેલા અઠવાડિયા થી છેલ્લા અઠવાડિયા સુધી વાવી શકાય.<br>• સુધારેલ જાતોઃ ગુજરાત લસણ-૩, ૪, ગુજરાત જૂનાગઢ લસણ-૫, તથા યમુના સફેદ-૨, ૩ |
| | | જમીનની તૈયારી | • દેશી ખાતર ૧૦ થી ૧૫ ટન પ્રતિ હેકટર.<br>• અથવા રસાયણિક ખાતર ૧૧૦ કિલોગ્રામ ડીએપી, ૧૧ કિગ્રા યુરિયા અને ૮૫ કિગ્રા મ્યુરેટ ઓફ પોટાશ પ્રતિ હેક્ટર પ્રમાણે જમીન ચકાસણી કરાવ્યા બાદ જરૂરિયાત મુજબ આપવું (ભલામણ કરેલ માત્રા ૫૦-૨૫-૨૫ ના-ફો-પો/હે.) |
| | | | • ઉધઈના નિયંત્રણ માટે લીંબોળીનો ખોળ ૨૫૦ કિગ્રા પ્રતિ હેકટર આપવો<br>• ગંઠવા કૃમિના અસરકારક નિયંત્રણ માટે એરંડીનો ખોળ અથવા રાયડાનો ખોળ અથવા લીંબોળીનો ખોળ ૧ ટન પ્રતિ હેક્ટર પ્રમાણે વાવણીના બે ત્રણ દિવસ પહેલા જમીનમાં આપવું. |
| તરબૂચ | **વાવેતર** | વાવેતર | • શિયાળાની ઋતુનું ફળ મેળવવા માટે કે જયારે સારા બજારભાવ મળે તે માટે વરસાદ પૂરો થાય કે તરત સપ્ટેમ્બર થી ઓક્ટોબર ના અંત સુધીમાં તરબુચનું વાવેતર કરવું જેથી તેને ૫૫ દિવસ સુધી ગરમી મળે અને વાનસ્પતિક વિકાસ થેઇ જાય પછી ઠંડી પડે તો પણ એના ફળ ના વિકાસ માટે કઇ વાંધો આવતો નથી. |
| ડુંગળી (ચોમાસુ) | **વૃદ્ધિ અને કંદનો વિકાસ** | | • **વધુ વરસાદને કારણે ખેતરમાં ભરાયેલા પાણીનો નિકાલ કરવો.** |
| મગફળી (ચોમાસુ) | **ફૂલ થી સુયા અને ડોડવા બંધાવવાની અવસ્થા/ પાક અવસ્થા** | | • મગફળી પરિપકવ થાય એટલે **પાણી ઉતરી ગયા બાદ** તુરંત જ જમીનમાં પૂરતો ભેજ હોય ત્યારે ઊભડી પ્રકારની મગફળીના છોડ ખેંચીને ઉપાડી લેવા, જ્યારે અર્ધ-વેલડી અને વેલડી મગફળીને પહેલા બળદથી કરબ (રાંપ) અથવા તો ટ્રેકટરથી રાંપ મારી છોડ ભેગા કરી લઇ, નાના નાના પાથરા (ઢગલા) ખેતરમાં કરી ૬ થી ૭ દિવસ સુધી સૂર્યપ્રકાશમાં સૂકવવા દેવા.<br>• **આગામી દિવસોમાં હળવા વરસાદની શક્યતા હોવાથી કાપણી કરેલ પાક પલળે નહિ તે રીતે સલામત સ્થાન પર ખસેડવો અથવા ઢાંકવાની વ્યવસ્થા કરવી.** |
| એરંડા | **વાનસ્પતિક વૃદ્ધિ** | ઘોડિયા ઈયળ | • દિવેલાના પાકમાં ઘોડીયા ઈયળની સંખ્યા છોડ દીઠ ૪ થી વધુ હોય ત્યારે તેના નિયંત્રણ માટે ક્લોરપાયરીફોસ ૨૦ ઇસી ૨૦ મીલિ અથવા ક્વિનાલફોસ ૨૫ ઇસી ૨૦ મીલિ ૧૦ લિટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો. |
| કપાસ | **વાનસ્પતિક વૃદ્ધિ થી ચાબખા અવસ્થા** | | • બી.ટી. કપાસમાં યુરીયા અને એમોનિયમ સલ્ફેટ અને મ્યુરેટ ઓફ પોટાશ દરેક ૩૦ કી.ગ્રા./હે. પુરતી ખાતર તરીકે આપવું.<br>• બી.ટી. કપાસમાં વાવેતર **બાદ** ૬૦, ૭૫ અને ૯૦ દિવસે ૧ ટકા મલ્ટી માઇક્રોન્યુટ્રીયંટના દ્રાવણનો (૧૦ લીટર પાણીમાં ૧૦૦ ગ્રામ) છંટકાવ કરવો.<br>• કપાસના પાકમાં વધુ ઉત્પાદન મેળવવા માટે ૭૫ થી ૧૦૦ દિવસે કપાસના છોડની ટોચ કાપવાની ભલામણ છે. |
| લીંબુ | **ફળ/ફૂલ અવસ્થા** | સામાન્ય | • ઉનાળામાં વધુ ફાલ લેવા માટે ચોમાસું પૂરું થયા બાદ વાડીને ખેડી નાખવી અને ૨૦ દિવસ સુધી જમીનને તપવા દેવી, સુકી અને રોગીસ્ટ ડાળીઓ કાપી દૂર કરવી અને બોર્ડો મિશ્રણ નો છંટકાવ કરવો, ૨૦ દિવસ બાદ ભલામણ મુજબ ખાતર આપી હળવું પિયત આપવું જેથીફૂલો આવાની શરૂઆત થશે. ઘણી વખત આવી માવજત આપ્યા બાદ વાનસ્પતિક વૃદ્ધિ થવાથી ફૂલો આવતા નથી આવા સંજોગો માં ૧૦ ppm 2.4.D. અથવા ૫૦ ppm NAA નો ૧% યુરિયા દ્રાવણ સાથે છંટકાવ કરવો. |
| | | | • લીંબુના પાકમાં ચોમાસાની ઋતુમાં ફળો ઉતારવાની પ્રક્રિયા ચાલુ હોય છે. વધુ વરસાદને કારણે પાણી ભરાઇ રહેવાથી લીંબુના ફળો જલ્દી પીળા પડી પાકી જાય છે અને સાથે સાથે વધુ ભેજ હોવાથી લીંબુમાં બળીયા ટપકાં (સાઇટ્રસ કેન્કર) નામનો રોગ જલ્દી ફેલાય છે. આ રોગના નિયંત્રણ માટે સ્ટ્રેપ્ટોસાયકલીન અને બાવિસ્ટીનના મિશ્રણનો છંટકાવ ૧૫ દિવસના અંતરે બે વાર કરવો જરૂરી છે. |

| | | |
|---|---|---|
| | **લીંબુનું પતંગિયું:** |  નર્સરીમાં રોપાઓ ઉપરની તથા જ બગીચામાંથી ઇયળોનો હાથથી વીણીને નાશ કરવો.<br>ઉપદ્રવની શરૂઆતમાં લીમડાની લીબોળીની મીજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫ % અર્ક) ૧૦ લિટર પાળીમાં ભેળવીને છંટકાવ કરવો.<br>કિવનાલફોસ, ૨૫ ઇસી ૨૦ મિ.લિ. ૧૦ લિટર પાલીમાં મિશ્ર કરી છંટકાવ કરવો. |
| **આંબો** | | • વધુ વરસાદ અને ખેતરમાં પાણી ૨૪ કલાકથી વધુ સમય માટે ભરાઇ રહેવાથી ઝાડના મૂળમાં હવાની અવરજવર બંધ થવાથી શ્વાસોશ્વાસની ક્રિયામાં અડચણ ઊભી થાય છે. પાણીનો ભરાવો દૂર કર્યા બાદ ઝાડના થડને માટી ચડાડવવી જેથી પાણી થડના સંપર્કમાં ઓછું આવે. વરાપ અવસ્થાએ ઝાડને સૂકારાથી બચાવવા બોર્ડોમિશ્રણ જમીનમાં આપવું. ખેતરમાં ઝાડ ઉપર ગુંદરીયો (ગમોસીસ) માલૂમ પડે તો ગુંદરીયાની અસરવાળી જગ્યાએ કાથીદોરીથી સાફ કરી બોર્ડોમિશ્રણની પેસ્ટ લગાવી અને જમીનમાં ઝાડની ઉંમર અનુસાર ૫૦ ગ્રામથી ૨૦૦ ગ્રામ કોપરસલ્ફેટ જમીનમાં બે હપ્તામાં આપવું. |
| **શાકભાજી** | ધરુ ઉછેર/રોપણી વાવેતર | • મરચી,ટમેટી, રીંગણ, અને કોબીઝ્ના ધરુ તૈયાર કરવા (ગ્રીન શેડ નેટમાં અને નેટની ઊંચાઇ ૬.૫ ફૂટ રાખવી) ગાદી ક્યારા બનાવી તેમાં બીજનું વાવેતર કરવું. ધરુ તૈયાર હોય તો ફેર રોપણી કરવી.<br>• જમીન જન્ય ફૂગનો ઉપદ્રવ ના થાય તે માટે બીજને મેન્કોઝેબ અથવા થાયરમ અથવા વીટાવેક્ષ પૈકી કોઇ એક દવાનો ૨-૨.૫ ગ્રામ પ્રતિ કિલ્લો બીજ મુજબ પટ આપવો. તેમજ વાવેતર બાદ ૧૦-૧૫ દિવસે મેન્કોઝેબ ૭૫ % વે.પા.નું ૨.૫ ગ્રામ પ્રતિ લીટર પાણીમાં મિશ્ર કરી ધરુના ક્યારામાં ડ્રેન્ચિંગ કરવું જેથી સુકારો ના આવે. |
| | પાનકોરીયું |   • પાનકોરીયાના નિયંત્રણ માટે ડીડીવીપી ૧૦ મી.લી. ૧૦ લિટર પાણીમાં મિશ્ર કરીને છાંટવી. |
| | ધરૂ મૃત્યુ/ ધરૂનો કોહવારો |  • રોગ દેખાય ત્યારે એઝોક્સિસ્ટ્રોબીન ૨૩ એસસી ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણી અથવા ફેનામીડોન ૧૦% + મેન્કોઝેબ ૫૦% વેપા ૩૦ ગ્રામ ૧૦ લિટર પાણીનો છંટકાવ કરવો અથવા મેટાલેક્ષીલ એમઝેડ ૬૮ વેપા ૨૦૦ લિટર પાણીમાં ૩૨ ગ્રામ મુજબ ઓગાળી એક ગુંઠા વિસ્તારમાં ઝારાથી રેડવું અથવા બોર્ડો મિશ્રણનું દ્રાવણ ઝારાની મદદથી પ્રતિ ચોરસ મીટરે ૨ લીટર મુજબ આપવું. |
| | કોકડવા |  • રોગનો ફેલાવો સફેદમાખીથી થતો હોઇ તેના નિયંત્રણ માટે મરચીના પાકમાં ફેનપ્રોપેથ્રીન ૩૦ ઇસી ૩.૪ મિ.લિ. અથવા પાયરીપ્રોક્ષીફેન ૧૦ ઇસી ૧૬.૬૭ મિ.લિ. પ્રતિ ૧૦ લિટર પાણી તેમજ ટામેટીના પાકમાં સાયાન્ટ્રાનિલિપ્રોલ ૧૦.૨૬ ઓડી ૧૮ મિ.લિ. અથવા ડાયમિથોએટ ૩૦ ઇસી ૧૦ મિ.લિ. અથવા સ્પાયરોમેસીફેન ૨૨.૯ એસસી ૧૨.૫ મિ.લિ. અથવા થાયામેથોક્ઝામ ૨૫ ડબલ્યુજી ૪ ગ્રામ અથવા ઇમીડાક્લોપ્રીડ ૧૭.૮ એસએલ ૩ મિ.લિ. પ્રતિ ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. |
| **પશુપાલન**  | જીવાત નિયંત્રણ | • પશુઓમાં બાહ્ય પરોપજીવીના નિયંત્રણ માટે તેના શરીર પર મેલેથિયોન અથવા સાયપરમેથ્રિન @ ૩ મિ.લી. પ્રતિ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો.<br>• પશુઓના શેડના ફિનાઇલ ૫.૦ મિલી પ્રતિ લીટર પાણીમાં મિશ્ર કરી છંટકાવ કરવો. |
| | પોષણ | • પશુઓની પૌષ્ટિક આવશ્યકતાને પૂરક બનાવવા માટે **50** ગ્રામ ખનિજ મિશ્રણ પ્રતિદિન અન્ય ખોરાક સાથે મિશ્ર કરી આપવું, |

| | | | |
|---|---|---|---|
| | કરમિયા |   | વધુ વરસાદને લીધે કરમિયાનું પ્રમાણ વધે છે, આથી દરેક પશુઓને કૃમિનાશક દવાનો ડોઝ પશુ પ્રાથમિક કેન્દ્રનું માર્ગદર્શન લઇ સત્વરે આપી દેવો. |

વિષય નિષ્ણાંત
કૃષિ હવામાનશાસ્ત્ર

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી દ્વારા બનાવવામાં આવેલા અમરેલી જીલ્લાના **હવામાન આધારિત કૃષિ સલાહ** અંગેના તાલુકા મુજબના **વોટ્સએપ ગ્રુપમાં જોડાવા માટે** તમારા તાલુકા પર ક્લિક કરો.

**જીલ્લા કૃષિ હવામાન એકમ (DAMU),** ગ્રામીણ કૃષિ મૌસમ સેવા )GKMS(, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનીવર્સીટી,
અમરેલી૩૬૫૬૦૧-, ફોન નં૦૨૭૯૨ ૨૨૭૧૨૨ .

## અમરેલી જીલ્લો



# District Agrometeorological Unit (DAMU)

**Gramin Krishi Mausam Seva (GKMS)**
**Krishi Vigyan Kendra**
**Junagadh Agricultural University**
**Amreli-365601**
**Phone: 02792-227122**

Issued jointly by Junagadh Agricultural University and India Meteorological Department

**#AmritMahotsav**

**Join our Telegram channel and block wise WhatsApp groups**

## Amreli District Agromet Advisory Service bulletin. No. 080 (2022)
## Date:07-10-2022

**Weather Forecast from 08/10/2022 to 12/10/2022**

| # | Parameter | 08/10/2022 | 09/10/2022 | 10/10/2022 | 11/10/2022 | 12/10/2022 |
|---|---|---|---|---|---|---|
| 1 | Rainfall (mm) | 15 | 10 | 10 | 10 | 15 |
| 2 | Max.Temp.(°C) | 34 | 34 | 33 | 33 | 32 |
| 3 | Min.Temp.(°C) | 24 | 25 | 24 | 24 | 24 |
| 4 | RH-I (%) | 68 | 67 | 77 | 80 | 79 |
| 5 | RH-II (%) | 34 | 35 | 51 | 54 | 55 |
| 6 | Wind Speed (kmph) | 14.4 | 10.9 | 7.4 | 7.8 | 9.1 |
| 7 | Wind Direction(deg.) | 285 | 281 | 135 | 148 | 202 |
| | | WNW | W | SE | SSE | SSW |
| 8 | Total CC (octa) out of 8 | 6 | 8 | 7 | 6 | 7 |

**Note: Above forecast is the average situation of whole district**

## Agro-Advisory



**Weather Summery**

- The weather in Amreli District is likely to be humid and partly cloudy in next 5 days. The scattered light to moderate rainfall likely in next 5 days over the district. The minimum temperature is likely to be 24-25 °C. The maximum temperature is likely to be 32-34° C in next five days.
- Wind direction likely from WNW-SE in next 5 days **with gusts of 8 to 14 km/h.**
- Extended Range Forecast: Isolated very light to light rainfall likely over the Saurashtra and Kutch region on 13 to 17 October. Maximum temperature and minimum temperature likely normal on period of extended range forecast.

**General Advisory**

→ Cover the harvested crop due to light to moderate rainfal forecasted in next five days

| | |
|---|---|
| | → Appy spray of Chlorothalonil 75 WP or Mancozeb 75 WP @ 40 g per pump for control of groundnut rust.<br>→ If any crop failure due to some reason than sowing of mustard and Pre-Rabi millets can be done in 15 to 20 days.<br>→ It is recommended the detopping in cotton crop at 75 to 100 DAS for more yield and economic return.<br>→ Do Land preparation, crop and variety selection of Rabi Crops.<br>→ Use bio-fertilizers and bio pesticides by soil and environmental health keep in mind.<br>→ Planning of Rabi season crops to be made, Sowing of garlic, onion and mustard as soon as possible. |
| **SMS Advisory:** | → More profit can be made by selling the harvested crop by value addition instead of selling it directly to the market. |

| Crops | Crop Stage | Practices | • Advisory |
|---|---|---|---|
| **Mustard** | **Land Preparation and sowing** | Sowing | • Sowing time: 1st fortnight of October when temperature relatively decreasing.<br>• Varieties: Varuna, Gujarat Mustard-1, 2, 3 |
| | | Spacing and seed rate | • Spacing: 45 X 10 to 15 cm, Depth of sowing: 2 to 4 cm,<br>• Seed rate 3.5 to 5 kg |
| | | Mixed cropping | • Mustard (3.5 kg seed rate) can be sowing as a mixed crop with lucerne (5 kg seed rate). |
| **Rabi crops** | **Soil testing** | Soil Testing |   આકૃતિ-૧ : ખેતરના વિસ્તાર મુજબ જમીનના નમૂના લેવાના સ્થળ નક્કી કરવા.<br>  આકૃતિ-૨: જમીનનો નમૂનો લેવાની રીત<br>• Make 25 cm of V shape in soil by farm implement, take 2 to 3 cm of layer from the deep soil. Take this type of sample from 8 to 10 spot from 1 hectare in reference to figure-1 and well mixed it and use 1 kg soil for the soil testing. |

| | | | |
|---|---|---|---|
| **Chickpea** | **Land Preparation and Variety selection** | Sowing | • Sowing the irrigated varieties from first fortnight of November, and non-irrigated varieties in last week of October month. |
| **Wheat** | **Land Preparation and Variety selection** | Sowing | • Early sowing: (before 10th November): GJW-463.<br>• Timely Sowing: (15th to 25th November): Lok-1, GW-366, 496.<br>• Late sowing: (26th November to 10th September): GW-173,11 and Lok-11. |
| **Corriender** | | Sowing | • Recommended variety: Gujarat Corriender-2.<br>• Sowing time: 1st fortnight of November. |
| **Cumin** | | Sowing | • Recommended variety: Gujarat cumin-4.<br>• Sowing time: 1st fortnight of November. |
| **Onion** | **Land Preparation and Variety selection** | Sowing | • Seedling: Sepetmber to October<br>• Transplanting: November-December<br>• Varieties: Gujarat White Onion-1, Pili Patti, Talaja Red, Agrifound light red, Gujarat Junagadh Red onion-11 |
| | | Seedling | • Prepare raised bed (4 to 5 m* 1 to 1.2 m).<br>• 400 to 500 square meter area of seedling Required for 1 hectare of transplanting.<br>• Apply FYM @ 200 to 300 kg and Castor cake @ 40to 50 kg per 4 to 5 R land.<br>• Or Apply Nitrogen @ 5 kg, Phosphorus @ 2.5 kg and Potassium @ 2.5 per 500 square meters for nutrient management by chemical fertilizer.<br>• Seed rate: 8 to 10 kg/ha, Treat the seed with thiram or captain @ 2 g/kg seed. |
| **Garlic** | **Land Preparation and Variety selection** | Sowing | • Sowing time: October 1st to 21.<br>• Varieties: Gujarat Garlic-3,4, Gujarat Junagadh Garlic-5, Yamuna Safed-2, 3. |
| | | Land Preparation | • Apply FYM @ 10 to 15 t/ha. |
| | | | • Or Apply DAP @ 110 kg, Urea @ 11 kg and MOP @ 85 kg per hectare according to soil testing report and soil requirement. |
| **Water Melone** | **Sowing** | | • For take good market return sowing of water melone should be done in september and october month |

| | | | |
|---|---|---|---|
| **Onion (Kharif)** | **Growth and Bulb Development** | | • Remove excess water from the field due to heaavy rainfall. |
| **Groundnut** | **Pegging and Pod developenment** | | • After removing the excess water pull out the crop if it is on harvesting maturity<br>• Cover up or transport to shade the harvested crop due to forecasted light to moderate rainfall in distrcit |
| **Castor** | **Vegetative Growth** | Castor Semilooper | • Apply Chlorpyriphos 20 EC or Quinalphos 25 EC @ 20 ml/10 litre water if there observed ≥4 Larvae of casor semilooper per plant |
| **Cotton** | **Vegetative to first square** | | • Apply Urea, Amonium sulphate and MOP @ 30 kg/ha as a supplimentary dose in cotton as per the soil testing report<br>• Foliar spraying of multi-micronutrient formulation Grade IV (Fe-Mn-Zn-CuB, 4.0-1.0-6.0-0.5-0.5 %) @ 1% at 60, 75 and 90 DAS in Bt. cotton crop is advised. |
| **Citrus** | **Flowering** | Lemon Butterfly | <br>• Hand picking and destroy the larvae from the orchard.<br>• Spray neem seed kernal extract 500 g (5%) in 10 liter water at intial stage of pest.<br>• If there is more infestation, Spray quinalphos 25 EC @ 20 ml/ 10 liter of water. |
| **Vegetable Crops** | **Seedling, Vegetative and Fruiting** | Transplanting | • Carry out transplanting for tomato, chili, brinjal and early cauliflower those who have seedlings ready for T.P.<br>• To prevent soil borne disease drenching of nursery bed should be done with Mencozeb 75 % WP @ 2.5 gm/ litre of water after 15 DAS. |
| | | Leaf miner | <br>• Spray DDVP 76 EC 10 ml or Quinalphos 20 ml in 10 litres of water for control of leaf miner. |
| | | Damping off | • When the disease appears, spray azoxystrobin 23 SC @10 ml or fenamidone 10% + Mancozeb 20% WP 30 gm in 10 liters of water or drenching of metalaxyl MZ 68 WP @ 32 g in 200 liters of water per 100 |

| | | |
|---|---|---|
| | |  square meter or spply bordeux mixure @ 2 litre per square meter. |
| **Livestock**  | Pest & disease | • To control of ectoparasites in cattle apply malathion or cypermethrin @ 3.0 ml/l of water on the body of cattles.<br>• Spray phenyle @ 5.0 ml/l in floor of cattle shed. Close the window and doors with curtain. |
| | Feed | • Provide 50 gm mineral mixture per animal for supplemet the nutrient requirement. |
| | Worms |   • Infestation of worms is increase in excessive rainfall situation, apply deworming vaccine to each animals through guidance of primary animal health centre. |

**Subject Matter Specialist**
**Agrometeorology**

## Click your block to join whatsapp group of DAMU

